**નોકરીવાંચ્છુક પૃષ્ઠ :**

**તમને કામ શોધવામાં મદદ**

જો તમે બરોજગાર હો અને કામ પર ફરીથી જવા માગતા હો અથવા શરૂ કરવા માગતા હો, સ્ટેપ્સ ટુ વર્ક તમને કામ માટે મદદ કરી શકશે અને તમારા કૌશલ્યો અને આવડતોને વિકસાવી શકશે. અમે સમજી શકીએ છીએ કે તમને કામ શોધવા માટે અને કામ બદલવા માટે તમને રોકતા બંધનોમાંથી બહાર નીકળવા માટે સહાયની આવશ્યકતા હશે.

અમારો હેતુ તમને વધુ કાર્યલક્ષી બનાવવાનો છે અને તમારી સંભાવનાને વિકસાવવા માટે આ મુજબ કાર્યો કરીએ છીએઃ

- નોકરીઓ, કારકિર્દી અને કૌશલ્યો પર સલાહ અને માર્ગદર્શન
  આત્મવિશ્વાસ ઘડતર અને પ્રત્યક્ષ સહાય
- CV તૈયાર કરવો, ઈન્ટરવ્યુ સૂચનો અને નોકરીઓ માટે અરજી કરવા સહિતની નોકરી શોધ સહાય
- જો તમને આવશ્યકતા હોય તો વાંચન, લેખન અને ગણિતમાં મદદ
- રોજગાર-પૂર્વેની તાલીમ અને રોજગારલક્ષી કૌશલ્ય કાર્યક્રમો
- નોકરી સંબંધિત તાલીમ અને કાર્ય અનુભવની તકો
- બાળસંભાળ, પરીવહન અને પહેરવેશ જેવા કામ સંબંધિત ખર્ચામાં મદદ
- કામ પર પાછા ફરવું અને વધુ...

**તે કેવી રીતે કાર્ય કરે છેઃ**

જ્યારે તમે સ્ટેપ્સ ટુ વર્કમાં જોડાવ, અમારા એક પર્સનલ એડવાઇઝર તમારી સાથે પ્રત્યક્ષ રીતે કાર્ય કરશે, સલાહ આપશે અને તમારા માટે યોગ્ય નોકરીની શોધ કરવામાં તમને મદદ કરશે. તમારી વ્યક્તિગત જરૂરિયાતો અને ઈચ્છાઓ મુજબ તૈયાર કરેલ સહાયનો કાર્યક્રમ આપણે સાથે અમલમાં મૂકીશું.

પરંતુ અમારી સહાય ત્યાં જ પૂર્ણ થતી નથી. તમે તમામ આશ્યક મદદ અને સહાય મેળવો છો તેની ખાતરી કરવા માટે પણ તમારા કામની શરૂઆતના થોડા મહિના દરમિયાન તમારી અને તમારા નિયોક્તા સાથે અમે સંપર્કમાં રહીશું.

**તમે સહાય માટે લાયક છો?**

સ્ટેપ્સ ટુ વર્ક કાર્યક્રમો માટે તમે લાયક છો તેની તપાસ કરવા માટે, કૃપા કરી અમારું **એલીજીબિલીટી સ્ટેટમેન્ટ** (લાયકાત નિવેદન) વાંચો.

નિવેદન વાંચ્યા બાદ જો તમને હજુ પણ ખાતરી ન હોય તો તમારી સ્થાનિક **સ્ટેપ્સ ટુ વર્ક શાખા**નો સંપર્ક કરો અને તેઓ તમને સલાહ આપશે.

**સફળ કિસ્સાઓઃ**

સહાય મેળવેલ અમુક લોકો વિશેના તાજેતરના કિસ્સા અભ્યાસો વાંચવા માટે **અહી ક્લીક કરો.**